હવે, હિરો મોટોકોર્પ વનવાસી ક્ષેત્ર હાલોલમાં પ્લાન્ટ સ્થાપશે

ગાંધીનગર, તા. ૫

ભારતની અગ્રગણ્ય દ્વિચક્રી વાહન ઉત્પાદન કંપની હિરો મોટોકોર્પ લી. ગુજરાતમાં રૂ. ૧૧૦૦ કરોડના મૂડીરોકાણ સાથે ઉત્પાદન એકમ મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટની સ્થાપના કરશે.

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના દૃષ્ટિવંત આયોજનથી ગુજરાત સમગ્ર દેશના ઓટોહબ તરીકે ઉભરી રહ્યું છે ત્યારે તાતાનેનો, ફોર્ડ અને પિજોટ તથા મારૂતિ સુઝુકી જેવી વિશ્વ પ્રતિષ્ઠિત મોટરકાર ઉત્પાદન કંપનીઓ સાથે દ્વીચક્રી વાહન ઉત્પાદક કંપનીઓ પણ ગુજરાતમાં પોતાના એકમો સ્થાપવા તત્પર બની છે તેની વિગતો ઉદ્યોગ રાજ્ય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે આપી હતી.

ઉદ્યોગ રાજ્યમંત્રીશ્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું કે, હિરો મોટોકોર્પ લી. સાથે મુખ્ય સચિવશ્રી જોતિની ઉપસ્થિતિમાં ગુજરાત સરકાર વતી ઉદ્યોગ અગ્ર સચિવશ્રી મહેશ્વર શાહુ તથા હિરો મોટોકોર્પ લી.ના કંપની સેક્રેટરીશ્રી કંબોજ વચ્ચે રાજ્ય સહયોગ (S.S.A.)ના આ કરાર ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

રાજ્યમાં પ્રી-મોન્સૂન એક્ટીવ બન્યું : ચોમાસુ ચાર દિવસ મોડું

૨૦મી જૂનની આસપાસ ચોમાસું બેસે તેવી આગાહી

ગાંધીનગર, તા. ૫

કેરળમાં ચોમાસાનો વિધિવત પ્રારંભ થવા પામ્યો છે જો કે આ વર્ષે ચોમાસુ ચાર દિવસ મોડું શરૂ થવા પામ્યું છે. ગુજરાતમાં પણ પ્રીમોન્સુન એક્ટીવ થયું હોવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલી કાળઝાળ ગરમી બાદ ગઈકાલે હવામાનમાં પલટો આવ્યો હતો અને રાજ્યના કેટલાક વિસ્તારોમાં છુટોછવાયો વરસાદ થવા પામ્યો હતો. આ વરસાદને ગુજરાતમાં પ્રી મોન્સુન એક્ટીવ થયું હોવાનું કહેવાય છે.

કેરાલામાં આજથી ચોમાસાનો વિધિવત પ્રારંભ થવા પામ્યો છે અને ચોમાસુ આગામી ૪૮ કલાકમાં આગળ વધીને કર્ણાટક ગોવામાં પણ ચોમાસુ બેસી જશે તેવી આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

સામાન્ય રીતે કેરાલામાં ચોમાસુ બેસે તેના ૧૫ દિવસ બાદ ગુજરાતમાં ચોમાસાનો પ્રારંભ થાય છે એટલે કે ૧૫મી જૂનની આસપાસ ચોમાસુ શરૂ થાય છે જો કે આ વર્ષે દેશમાં ચાર દિવસ મોડુ શરૂ થતાં ગુજરાતમાં પણ ૨૦મી જૂનની આસપાસ ચોમાસુ બેસે તેવી આગાહી કરવામાં આવી છે.

ઉદ્યોગોને અપાતા ગેસના ભાવમાં કરાયેલ ભાવ વધારો પાછો ખેંચવા રજૂઆત

સીરામીક ઉદ્યોગ પર આર્થિક ભારણ વધવા પામ્યું છે

ગાંધીનગર, તા. ૫

ઔદ્યોગિક એકમોને અપાતા ગેસના ભાવમાં કરાયેલ વધારાને તાકીદે પાછો ખેંચવા માટે ઉદ્યોગો દ્વારા રાજ્ય સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ મોરબીના સીરામીક ઉદ્યોગોને ગેસ પૂરો પાડવામાં આવે છે. ઉદ્યોગોને પુરા પાડવામાં આવતા ગેસના ભાવમાં રૂ. ૪નો જંગી વધારો કરવામાં આવતા સીરામીક ઉદ્યોગ પર આર્થીક ભારણ વધવા પામ્યું છે. આ ભાવ વધારાને કારણે મોરબીના સીરામીક ઉદ્યોગને મરણતોલ ફટકો પડશે અને મંદીમાં ધકેલાશે તેવી ભીતી ઉદ્યોગકારોએ વ્યક્ત કરી છે.

ગેસના ભાવવધારા સંદર્ભે રાજ્યના ઉદ્યોગ રાજ્યમંત્રી સમક્ષ આજે રજુઆત કરીને ગેસના ભાવમાં કરાયેલ વધારો પાછો ખેંચતા માટેની રજુઆત કરવામાં આવી હતી.

શબ્દાવલી - ૪૭૪૯



આડી ચાવી

૧. પ્રેમ, સ્નેહ (૪)
૩. રેલો, પાણીનો.... (૩)
૬. સમુદ્રમાં રહેલ અગ્નિ (૫)
૮. વધારે બધાનું ભલું કરતું, એક પ્રકારના સ્વભાવ (૬)
૧૧. સમય, ટાઈમ (૩)
૧૨. રૂશ્વત (૨)
૧૩. ફિલ્મપટ્ટી, ફોટાનો.... (૨)
૧૪. કપટ (૨)
૧૫. વિઘ્ન, અવાજ (૨)
૧૬. જંગલ, વન (૩)
૧૭. ખુશામત કરવાની ટેવ (૫)
૨૦. અડપલા, ચાંદવા (૨)

ઊભી ચાવી

૧. પ્રત્યક્ષ જ્ઞાન, જાતે વેઠેલું (૪)
૨. એક જાતનું કાપડ, સાલ્લો (૩)
૩. લીકવીડ, રસ (૩)
૪. કલર, રંગ; વર્ણ (૨)
૫. હાલચાલ (૬)
૭. 'વલસાડ' આડુઅવળું છે (૪)
૯. સારા લક્ષણ ના હોય તેવું, ઠાગાઠૈયાની વૃત્તિવાળુ (૫)
૧૦. વૉટ, વિચાર (૨)
૧૨. કલંક, બટ્ટો (૩)
૧૩. રસ્સી માર્ગ (૩)
૧૫. ડુબકુ, ડુબકી (૩)
૧૮. મોં, (તુચ્છકારમાં) (૨)
૧૯. બીક બતાવવી, ડરાવવું (૨)

શબ્દાવલી ૪૭૪૮ના જવાબ

આડી ચાવી :- (૧) વહેવાર (૪) વાત (૬) હાડ (૭) ખલતો (૧૦) લકી (૧૧) ડુક્કર (૧૩) ડણક (૧૫) પગરખો (૧૬) સતુત્ય (૧૮) પાટલા (૧૯) રીક (૨૦) ઈલુ (૨૨) અમૃતા (૨૩) ડીકો (૨૪) ઝગમગ

ઊભી ચાવી :- (૧) વહાલ (૨) હેડકી (૩) રખડુ (૫) તત્પર (૮) લક્કડ ખોદ (૯) તોરણ (૧૨) ચાગલાઈ (૧૪) કસ્તુરી મૃગ (૧૫) પટ (૧૭) ત્યકતા (૧૮) પાઘડી (૨૧) લૂઝ (૨૨) અમ

આશાસ્પદ યુવાને સુઘડ કેનાલમાં ઝંપલાવી જીવનનો અંત આણ્યો

એમસીએની પ્રવેશ પરીક્ષા આપવાની તૈયારી કરતો હતો રૂમ પાર્ટનરને ફોન કર્યો હું કેનાલમાં કૂદકો લગાવું છું...

ગાંધીનગર, તા. ૫

એમ.સી.એ. એન્ટ્રન્સ એક્ઝામની તૈયારી કરતા આસાસ્પદ યુવાને સુઘડ કેનાલમાં ઝંપલાવી જીવન ટુંકાવ્યું હોવાની હકિકત ધ્યાને આવી છે. સતત એક દિવસની શોધખોળ બાદ સુઘડ કેનાલમાંથી યુવાનનો મૃતદેહ મળી આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કડી કેમ્પસમાંથી બી.સી.એ. નો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ગાંધીનગરમાં રૂમ પાર્ટનર સાથે રહી એમ.સી.એ.ની પ્રવેશ પરીક્ષાની તૈયારી કરતો અર્પિત રાકેશભાઈ અગ્રવાલ (ઉં.વ. ૨૨) સોમવારે સવારે તેના મિત્રને કહી રૂમ પરથી બહાર જવા નીકળ્યો હતો. ત્યારબાદ અર્પિતે મોબાઈલ મારફતે તેના મિત્રને પોતે કેનાલમાં પડવાનો હોવાનું જણાવી બાઈક લઈ જવા કહ્યું હતું. અર્પિતના ફોનથી હેબતાઈ ગયેલા રૂમ પાર્ટનરે આ અંગે પોલીસને જાણ કરી હતી. અડાલત પોલીસ સહિત અમદાવાદ ફાયરની ટીમે સુઘડ કેનાલમાં યુવાનનો મૃતદેહ શોધવાનું કામ હાથ ધર્યું હતું. પરંતુ ગઈરાત સુધી તેના મૃતદેહનો કોઈ પત્તો મળ્યો ન હતો. જ્યારે આજે સવારે યુવાનનો મૃતદેહ કેનાલમાં તરતો મળી આવતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર મરણ પામનાર અર્પિત ગત તા. ૨૬ મે ના રોજ પોતાના ઘરે દાહોદ ગયો હતો. જ્યાં તેણે પોતાના પિતાને એમ.સી.એ.ની પ્રવેશ પરીક્ષામાં પાસ થવાનું મુશ્કેલ હોવાનું જણાવતા તેના પિતાએ તેને આશ્વાસન આપી આ અંગે નિશ્ચિત રહેવા જણાવ્યું હતું. જ્યારે ગણતરીના દિવસો બાદ જ અર્પિતે કેનાલમાં ઝંપલાવી જીવન ટુંકાવતા એકનો એક પુત્ર ગુમાવનાર પરિવારજનો પર આફતના વાદળો મંડરાયા છે. બનાવ સંદર્ભે અડાલજ પોલીસ સ્ટેશનમાં જમાદાર બચુભાઈએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પછાત તાલુકાઓને વિકસીત તાલુકાઓની હરોળમાં લાવવાનો પ્રયાસ કરવા પ્રભારી સચિવોને અનુરોધ

ગાંધીનગર, તા.૫

રાજ્યના પછાત તાલુકાઓને વિકસીત તાલુકાઓની હરોળમાં લાવવા માટેના પ્રયાસો કરવા માટે જિલ્લા પ્રભારી સચિવોને અનુરોધ કરવામાં આવ્યો છે.

સામાન્ય વહિવટ વિભાગ સાથે સંકળોલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના અંદાજે ૫૭ જેટલા તાલુકાઓનો સર્વાંગી વિકાસ ન થતાં આ તાલુકાઓને પછાત તાલુકા તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

પછાત તાલુકાના વિકાસ માટે વી.આર.એસ. કૌલગી સમીતી દ્વારા અભ્યાસ કરીને ભલામણો સાથેનો એક અહેવાલ રાજ્ય સરકારને સુપરત કરવામાં આવ્યો હતો અને આ અહેવાલમાં આ પછાત તાલુકાને કઈ રીતે વિકસીત તાલુકા બનાવવા એ માટેના વિકાસ કામોની ભલામણો કરવામાં આવી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યની ફલેગશીપ યોજના અંતર્ગત રાજ્યના ૪૧ વિકાસશીલ તાલુકાના હાથ ધરવામાં આવેલ વચગાળાના મુલ્યાંકન અંગેનું એક પ્રેઝન્ટેશન વિભાગ દ્વારા તૈયાર કરીને ગત મહીને મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં રજુ કરવામાં આવ્યું હતું. જેના પર સમીક્ષા કરવામાં આવી હતી.

વિકાસશીલ તાલુકાના હાથ ધરવામાં આવેલ મુલ્યાંકન અહેવાલનું પ્રેઝન્ટેશન નિહાળ્યા બાદ મુખ્યમંત્રીએ આ અંગે પ્રતિભાવ આપતા એવું જણાવ્યું હતું કે જિલ્લાના પ્રભારી મંત્રીઓ અને તાલુકાના પ્રભારી સચિવોએ સમય મર્યાદા આધારિત લક્ષ્યાંકો નક્કી કરી તેમના સંબંધિત તાલુકાઓને બીજા વિકસીત તાલુકાની હરોળમાં લાવવા માટેના પ્રયત્નો હાથ ધરવા જોઈએ.

તેમણે આ બેઠકમાં એવો પણ ઉલ્લેખ કર્યો હતો કે એવા ઘણા તાલુકાઓ છે જે થોડા વિશેષ સઘન પ્રયત્નોથી પછાતપણામાંથી બહાર આવી શકે તેમ છે.

મુખ્યમંત્રીના આ સૂચન અન્વયે તાલુકાના પછાતપણાની ખાસિયતને અનુરૂપ વિશેષ આયોજન કરી કૌલગી સમિતિના ૪૪ નિર્દેશકો અને માનવ વિકાસ અંગેના ૧૫ નિર્દેશકો ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરી પ્રભારી મંત્રીઓના સહયોગથી તાલુકાને નજીકના વિકસિત તાલુકાઓની હરોળમાં લાવવા માટેના સઘન પ્રયત્ન થાય તેવો અનુરોધ પ્રભારી સચિવોને કરવામાં આવ્યો છે.

નર્મદા બંધની ઉંચાઈ ૧૩૬.૬૪ મીટર સુધી લઈ જવા ટૂંકમાં મંજૂરી

ગુજરાતે અસરગ્રસ્તો માટે જમીન ખરીદી : ૧૨૧.૯૨ મીટરથી નર્મદા બંધની ઊંચાઈને સંપૂર્ણ હાઈટ સુધી લઈ જવા એનસીએની મંજૂરી મળે તેવી સંભાવના

ગાંધીનગર,તા.૫

ગુજરાત સરકાર બંધની ઊંચાઈ

વર્તમાન ૧૨૧.૯૨ મીટરથી વધારીને સંપૂર્ણ ૧૩૮.૬૪ મીટરની ઊંચાઈ ઉપર લઈ જવા નર્મદા કંટ્રોલ ઓથોરિટી (એનસીએ) તરફથી લીલીઝંડી મેળવી લેવાની નજીક પહોંચી ગઈ છે. ગુજરાત બંધની ઊંચાઈ સંપૂર્ણ ઊંચાઈ સુધી લઈ જવા નજીક પહોંચતા છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલી અટકળોનો અંત આવે તેવી શક્યતા છે. ગુજરાત સરકારે મહારાષ્ટ્રના ૯૧ નર્મદા પ્રોજેક્ટ અસરગ્રસ્ત પરિવારો (પીએએફ)ના પુનવસવાટ માટે તાપી જિલ્લાના નિજર તાલુકામાં ૧૦૦ એકર જમીન મેળવી લીધી છે. આ હિલચાલથી ગુજરાત હવે એનસીએ તરફથી બંધની ઊંચાઈ માટે મંજૂરી મેળવવાની નજીક પહોંચી ગયું છે. વિશ્વસનીય સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે મેળવવામાં આવેલી મોટાભાગની જમીન મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના સરહદ ઉપર છે. પીએએફ હાલ નંદુરબાર જિલ્લામાં રહે છે. પ્રોજેક્ટ અસરગ્રસ્ત આ પરિવારોને ગુજરાતના નિર્જળ તાલુકામાં ઓફર કરવામાં આવશે. આ જમીન ખાનગી લોકો પાસેથી ખરીદી લેવામાં આવી છે. આદિવાસીઓ સાથે સંકળાયેલી નથી જેથી માલિકીને લઈને કોઈપણ પ્રકારની લડાઈ નથી. અધિકારીઓનું કહેવું છે કે પ્રોજેક્ટ અસરગ્રસ્ત તમામ પરિવારોને હવે આ જગ્યા ઉપર સ્થાઈ કરી દેવામાં આવશે. નર્મદા બંધની ઊંચાઈ હાલ ૧૨૧.૯૨ મીટર રાખવામાં આવી છે પરંતુ નર્મદા કંટ્રોલ ઓથોરિટી તરફથી આને ૧૩૮.૬૪ મીટર સુધી લઈ જવાની તૈયારી હાથ ધરવામાં આવી છે. ડિસેમ્બર ૨૦૧૨થી ૧૨૧.૯૨ મીટર સુધી આને મંજૂરી હતી.

જૂના મોબાઈલ-ટીવી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ (જીપીસીબી) એ એવો પ્લાન બનાવ્યો છે કે જૂની ઈલેક્ટ્રોનિક્સ ચીજો લોકો પાસેથી ખરીદી લેવી અથવા તો જે કંપનીનું ડિવાઈસ હોય તે કંપનીને જૂનું ડિવાઈસ લેવા પ્રોત્સાહિત કરવી. કંપની જૂનો માલ ખરીદે તે માટેની વાટાઘાટો શરૂ કરવામાં આવી છે અને તેના માટે નવી દિલ્હીમાં સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના અધિકારીઓ અને કંપનીના સંચાલકો સાથે એક બેઠક પણ થઈ ચૂકી છે.

જીપીસીબીએ ઈ-વેસ્ટના નિકાલ માટે સિટીબેઝ ઈ-વેસ્ટ મેનેજમેન્ટ એજન્સી શરૂ કરવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઈ-વેસ્ટના નિકાલની વ્યવસ્થા કરવામાં આવી છે તેથી કોર્પોરેશન જૂની ઈલેક્ટ્રોનિક આઈટમો લોકો પાસેથી ખરીદી લેશે. ઈ-વેસ્ટ કલેક્શન સેન્ટર એવાં લોકોને ગ્રીન સિટીઝન્સનું સર્ટીફિકેટ આપશે કે જેઓ નકામી જૂની ચીજવસ્તુઓ આપશે.

કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રાલયે ઈ-વેસ્ટના નિકાલ માટે તમામ રાજ્યોના પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડને સૂચના આપી છે કે તેમના શહેરોમાંથી નકામો ઈ-વેસ્ટ એકત્ર કરવો. ૧લી મે-૨૦૧૨ના રોજ તેના નિયમો પણ અમલી બનાવી દેવામાં આવ્યા છે.

મેન્યુફેક્ટરર્સ એસોસિયેશન ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજીએ કરેલા એક અભ્યાસ પ્રમાણે ભારતના ૬૫ શહેરોમાં ૬૫ ટકા ઈ-વેસ્ટ જનરેટ થાય છે અને તેના નિકાલ માટે પ્રત્યેક સિટીમાં આ પ્રકારની સિસ્ટમ લાગુ કરવામાં આવી છે. અમદાવાદ થી શરૂ થયેલી આ સિસ્ટમ ૧૦મી જૂનના રોજ સુરતમાં શરૂ થશે અને ત્યારબાદ બીજા શહેરોની સાથે ગાંધીનગરને પણ આવરી લેવામાં આવશે.

પોષ્ટર યુદ્ધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોસ્ટરમાં સંજય જોષીની તરફેણ અને મોદીની ટીકા કરવામાં આવી હતી. પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓને પણ એક મેસેજ આપવામાં આવ્યો હતો. પોસ્ટરમાં લખ્યું હતું કે 'તુટેલા મનથી કોઈ ઉભું નથી થતું, કહો દિલ સે..સંજય જોષી ફીર સે...'

મજાની બાબત એવી છે કે અમદાવાદની જેમ દિલ્હીમાં રાષ્ટ્રીય નેતાઓ રાજનાથસિંહ અને મુરલી મનોહર જોષીના નિવાસસ્થાનની બહાર પણ પોસ્ટર લગાડવામાં આવ્યા હતા.

આ કરતૂત કોણે કર્યા છે અને કોના કહેવાથી થયું છે તેની પાર્ટીએ તપાસ શરૂ કરી દીધી છે. ગુજરાતમાં પોસ્ટર લાગ્યા છે તેવા દિલ્હીમાં પણ લાગ્યા હોવાથી પાર્ટીના કોઈ નારાજ નેતાનું આ ફરમાન હોઈ શકે છે.

સંજય જોષીને પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે 'મોદી વિરોધી પોસ્ટર લગાવવામાં મારો હોઈ હાથ નથી. પાર્ટીમાં કોઈ વિવાદ ન થાય તે માટે મેં તો પાર્ટીને સામેથી રાજીનામું આપી દીધું હતું. મને એ પણ ખબર નથી કે આ પોસ્ટર કોણે કોના કહેવાથી લગાવ્યા છે.' અલબત્ત, ભાજપમાં શરૂ થયેલા આ પોસ્ટર યુદ્ધથી સંજય જોષીને હિરો બનાવવાનો પ્લાન હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

ઉલ્લેખનીય છે કે ભાજપમાં ૧૯૯૫માં કેશુભાઈ પટેલની સરકારમાં બળવો થયો હતો ત્યારે શંકરસિંહ વાઘેલા જૂથ દ્વારા આ જ પ્રકારનું પોસ્ટર યુદ્ધ છેડવામાં આવતા સામા પક્ષે કેશુભાઈના સમર્થકોએ પણ પોસ્ટરનો વળતો જવાબ આપ્યો હતો. એ સમયે પત્રિકા યુદ્ધ પણ પરાકાષ્ટાએ હતું, જેનાથી ભાજપના હાઈકમાન્ડમાં ખળભળાટ મચી ગયો હતો.

સમાચાર ઝલક

- રાષ્ટ્રપતિની ચૂંટણી પછી આકરા આર્થિક સુધારાના સંકેતો.
- મોદીની હિટલર સાથે સરખામણી કરનાર કોંગ્રેસી પ્રવકતા મનીષ તિવારી સામે ફરિયાદ દાખલ.
- હવે અધુરી ઓળખે મોબાઇલ સીમકાર્ડ એક્ટિવ નહી થાય.
- નવી શરતમાંથી જૂની શરતમાં જમીન ફેરવવાનું કલેકટરની સત્તા વધારાઇ : હવે ૧ કરોડને બદલે ૨ કરોડ.
- ભેંસાણમાં પોલીસનો સજ્ઞ બંદોબસ્ત : ૩૦૦ શખ્સો સામે પોલીસ કાર્યવાહી.
- સાગર કિનારે પર્યટન સ્થળો વિકસાવવા માટે રૂા. ૧૨૦૦ કરોડની કેન્દ્રીય પર્યટન વિકાસ માટે સહાય.
- પ્રિ-મોનસૂન પ્રકિયા સકિય થતાં વરસાદ વહેલો થશે.
- વ્યાજ નહિ ફકત હપ્તા ભરો. અનુસૂચિત જાતિ વિકાસ નિગમે લોનની યોજના લંબાવી.
- દીપિકા પાદુકોણનું શાર્ક સાથે સ્વીમીંગનું શુટિંગ આફ્રિકાના કેપટાઉનમાં થયું.
- અમેરિકામાં પણ શ્રી નરેન્દ્રભાઇ મોદીના કારણે રાજકારણમાં ગરમાવો આવ્યો છે.
- ગુજરાતની એક પણ યુનિવર્સિટી ફોરેન યુનિવર્સિટી સાથે કોલોબરેશન કરી શકશે નહિ.
- હાઇવે સેકટરને પણ નબળી આર્થિક સ્થિતિની અસર થઇ છે.
- મનમોહનને બદનામ કરવા ષડયંત્ર રચાયું છે : સોનિયા ગાંધી.
- ક્રિકેટ પર આયકરની ઘોંસ : ૨૫ રાજ્યોમાં તપાસ.
- ભારતીય જનતા પાર્ટીના ઉપાધ્યક્ષ શ્રી પુરૂષોત્તમ રૂપાલાની દલિત વિરોધી ઉચ્ચારણોથી દલિતો લાલઘૂમ.

કૃષિ મહોત્સવ અંતર્ગત જિલ્લાનાં ૯૫ ગામોમાં કાર્યક્રમ : ૫૩૮૪ લાભાર્થીઓને કીટનું વિતરણ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવનો -નરંભ તા.૬ મે-૨૦૧૨ના રોજ ઉનાવા ખાતેથી થયો હતો. તા.૩૧મી મે-૨૦૧૨ સુધીમાં જિલ્લાના ૯૫ ગામોમાં કૃષિ મહોત્સવના કાર્યક્રમ યોજાયા છે. કૃષિ મહોત્સવ અંતર્ગત કુલ ૫૩૮૪ લાભાર્થીઓને કૃષિ, બાગાયત અને પશુપાલનની કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે. ૯૫ પશુ આરોગ્ય મેળાઓ યોજીને ૩૬૧૬૭૭ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું. જેમાં કુલ-૫૦,૫૧૧ પશુઓની તપાસ કરવામાં આવી છે.૯૩૨૩ પશુઓનું કૃત્રિમ બીજદાન કરવામાં આવ્યું છે. તેમજ કૃષિ મહોત્સવ કાર્યક્રમ દરમ્યાન કૃષિક્ષેત્રે લોકજાગૃતિ કેળવાય તેવા ૨૭૨૫ ભીતસૂત્રો લખવામાં આવ્યા છે. જિલ્લા -ભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં તા.૬ મે-૨૦૧૨ ના રોજ ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામ ખાતે જિલ્લા કક્ષાના કૃષિ મહોત્સવનો -નરંભ થયો હતો. તા. ૩૧ મે-૨૦૧૨ સુધીમાં દરેક તાલુકામાં તાલુકા પંચાયતની સીટમાંથી એક ગામ પસંદ કરી ત્યાં કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજાયો છે.કૃષિ મહોત્સવ અંતર્ગત દહેગામ તાલુકામાં કૃષિની - ૬૬૯, બાગાયતની-૫૯૬, પશુપાલનની-૪૭૦, ગાંધીનગર તાલુકામાં કૃષિની-૪૮૭, બાગાયતની-૪૪૧, પશુપાલનની-૩૬૫, કલોલ તાલુકામાં કૃષિ-૪૯૨, બાગાયતની-૪૩૩, પશુપાલનની-૩૫૦ અને માણસા તાલુકામાં કૃષિ-૩૮૬, બાગાયતની-૩૬૫, પશુપાલનની-૩૩૦ કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે. ગાંધીનગર તાલુકામાં ૪૦ સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. તેમજ ગાંધીનગર, કલોલ,દહેગામ અને માણસા તાલુકા માંથી સોઈલના કુલ-૨૨૫૬૦ નમુના લેવામાં આવ્યા છે.

સાઈકલ રેલી.....

● ત્રીજા પાનાનું અનુ.

વિવિધતાના કારણે રાજ્યમાં પર્યાવરણને લગતી વિવિધ પ્રકારની સમસ્યાઓ ઊભી થાય છે. વધતી જતી વસ્તી અને મોટા ઔદ્યોગિક ગૃહોની ઉપસ્થિતિને કારણે પર્યાવરણનું જતન કરે એવી પ્રવૃત્તિઓ ઉભી થાય છે. વધતી જતી વસ્તી અને મોટા ઔદ્યોગિક ગૃહોની ઉપસ્થિતિને કારણે પર્યાવરણનું જતન કરે એવી પ્રવૃત્તિઓ રાજ્યને પ્રત્યેક નાગરિક પોતાના ઘરેથી કે વાણિજ્યના સ્થળેથી હાથ ધરે એ અત્યંત મહત્ત્વનું બની જાય છે. આવા સંજોગોમાં વિશ્વ પર્યાવરણ દિન જાહેર જનતામાં પર્યાવરણને લગતી જાગૃતિને ફેલાવવા માટેની એક અનોખી તક આપે છે. જીઈસીના સભ્ય આઈએફએસ શ્રી એ. કે. વર્માએ જણાવ્યું હતું કે આ પહેલ પાછળનો મુખ્ય હેતુ પર્યાવરણને લગતી વિવિધ સમસ્યાઓનું સમાધાન લાવવામાં જીઈસી એક મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે અને મેનગ્રુવ રિસ્ટોરેશન જેવા તેના કેટલાક પગલાંઓ દેશભરમાં પ્રશંસાને પાત્ર બન્યા છે. પર્યાવરણનું જતન કરવાની આ પ્રક્રિયામાં જીઈસી જાહેર જનતાને પણ સહભાગી બનાવવા માગે છે, કારણ કે આ પડકારનો સામનો કરવા માટે સહિયારા પ્રયત્નો અનિવાર્ય છે. આથી પર્યાવરણના વિવિધ મુદ્દે જાગૃતિ ફેલાવવાથી જ આ કામ શક્ય બની શકે એમ છે. સાયકલ રેલી જેવી આ પહેલ આ જાગૃતિ ફેલાવવાના કાર્યમાં અત્યંત સહાયભૂત સાબિત થશે. જાહેર જનતા અને ખાસ કરીને યુવાનો-યુવતીઓ આ રેલીમાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે તે જીઈસી માટે આનંદની વાત છે.

અંતિમધામ ખાતે....

● ત્રીજા પાનાનું અનુ.

આવ્યા છે. ઉલ્લેખનીય બાબત એ છે કે આ વાતાનુકૂલિત શબપેટીને ઘરગથ્થું ઈલેક્ટ્રીકલ સપ્લાયથી ચલાવી શૂન્ય ડિગ્રીના વાતાનુકૂલિત માહોલમાં દિવસો સુધી શબને સુરક્ષિત રાખી શકાય છે. મૃત્યુ જેવા સંવેદનશીલ સંજોગોમાં આ 'પામ' હાથવગા સરળ સાધન તરીકે ઘણા પરિવારો માટે આશીર્વાદ સમાન બની રહેશે. અમદાવાદ, મહેસાણા અને પાલીતાણા જેવા શહેરોમાં સ્થાનિક સંસ્થાઓ તરફથી આ પ્રકારની શબપેટીની લોકસુવિધા મૂકાઈ છે અને હવે, પાટનગર ગાંધીનગરમાં પણ ખેતાણી ચેરીટેબલ ટ્રસ્ટ, જુનિયર સીટીજન્સ કાઉન્સીલનાં સહયોગથી રોટરી કલબ દ્વારા સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે સે-૩૦ ખાતેના સ્મશાનગૃહમાં વાતાનુકૂલિત શબપેટીની સુવિધા શરૂ કરવામાં આવી રહી છે. આ સેવાકાર્યમાં ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી વસંતાબેન વલ્લભભાઈ ઠક્કર, જસ્ટીસ ડી.જી. કારીઆ, દિવ્યાબેન રાવલ, અજીત મરચન્ટ, બાબુભાઈ દરજી સહિત અન્ય મહાનુભાવોનો સહયોગ પ્રાપ્ત થયો છે. અંતિમધામ સંકુલ ખાતે યોજાયેલ 'પામ' ના લોકાર્પણ પ્રસંગે રોટરી કલબ ગાંધીનગરના પદાધિકારીઓ ડૉ. પિયુષભાઈ દવે, રાહુલ મહેતા, ઉર્મિલ વેદ, કેયૂરભાઈ શાહ, તથા અલકાબેન પટેલ સહિત અન્ય રોટેરીયન મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.